અપીલ અરજી નં.૧૫૬ તા.૨૪–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દિનેશભાઈ ગોવિંદભાઈ ટાંક

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશભાઈ ગોવિંદભાઈ ટાંકની તા.૮–૧૨–૦૮ ની અરજીથી રે.સ.નં. ૩૧૦,૩૧૧ રાધાકૃષ્ણ સોસા. ના આશરે ૧૨૫ સભ્યોનાં જે પુરાવા નાં આધારે વેરામાં નામ દાખલ કરેલ છે. તેની વિગતો અને પૂરાવાની નકલો આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૪–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૫૬/૨૦૦૯–૧૦

શ્રી દિનેશભાઈ ગોવિંદભાઈ ટાંકની તા.૮–૧૨–૦૮ ની અરજીથી રે.સ.નં. ૩૧૦,૩૧૧ રાધાકૃષ્ણ સોસા. ના આશરે ૧૨૫ સભ્યોનાં જે પુરાવા નાં આધારે વેરામાં નામ દાખલ કરેલ છે. તેની વિગતો અને પૂરાવાની નકલો આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને૬ માસના વિલંબથી તા.૨૪–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૭ તા.૨–૯–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજી આશરે ૬ માસના વિલંબથી કરવા અંગે વાજબીપણું અને આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૦–૯–૦૯ ના પત્રથી રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૮–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી રાધાકૃષ્ણ સોસા. અડાજણ રે.સ. નં.૩૧૦ ૩૧૧ ના મિલ્કતના પાવરદાર અને ઓર્ગેનાઈઝર શ્રી નગીન સુરતીએ કરી આપેલ દસ્તાવેજ અને ઓર્ગેનાઈઝર કરી આપેલ કબ્જારસીદ અને ભલામણ ચિઠ્ઠીથી ૧૨૫ સભ્યોના નામ વેરાબીલમાં દાખલ થયેલ છે તેના પુરાવા રજૂ કરેલ હોય તેની નકલોની માંગણી કરેલ છે. આ બાબતે અગાઉ અરજદારે તા.૧૩–૩–૦૮ ના રોજ માહિતી માંગી તા.૨૮–૪–૦૮ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે નં.આરટીઆઈ સેલ ૧૭૧ તા.૩૧–૫–૦૮ ના રોજ હુકમ કરવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે તા.૩૦–૬–૦૯ ના રોજ પુનઃ રજૂઆત કરેલ. જે અંગે નં.આરટીઆઈ સેલ/૨૭૮ તા.૩–૭–૦૮ થી હુકમની અમલવારી કરવા જાહેર માહિતી અધિકારી અને અરજદારની જાણ હેઠળ પુનઃ સૂચિત કરેલ. ત્યાર બાદ અરજદારે તા.૮–૧૨–૦૮ ના રોજ આઈ ડી નં.૩૩૩ થી નવી અરજી કરી માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને ૬ માસના વિલંબથી તા.૨૪–૮–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. તેમજ દંડ, ખર્ચ તથા વળતરની માંગણી કરેલ છે. જેના અનુસંધાને અપીલ તબકકે અરજદારને આરટીઆઈ સેલ/૫૮૭ તા.૨–૯–૦૯ ના રોજ પત્ર પાઠવી અપીલના વિલંબના વાજબીપણા અંગે આધારો રજૂ કરવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતીને આપવાની રજૂઆત કરેલ છે પરંતુ અપીલના વિલંબ અંગેના આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીને નં.આરટીઆઈ સેલ/૬૭૯ તા.૨૩–૯–૦૯ થી પુનઃ અવગત કરાવી અરજદારની જાણ હેઠળ પત્ર પાઠવવામાં આવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ૬ માસના વિલંબથી કરેલ હોઈ પ્રથમ દર્શીય ગ્રાહય રાખી શકાય તેમ નથી. તેમ છતાં કાયદાકીય હાર્દને ધ્યાનમાં રાખીને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૮–૧૨–૦૮ થી માંગેલ માહિતી નહીં પૂરી પડાયેલ હોઈ આરટીઆઈ એકટની કલમ–૧૧ સહિતના કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી વાંધાના કિસ્સામાં જાહેર હિત ચકાસી દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ–૭(૧ ) સાથે ૭(૩) અને નિયમ–૫ ની જોગવાઈ હેઠળ નિયત ફી ભરપાઈ કરાવી અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવેલ છે.

અરજદારની અપીલમા દંડ તેમજ વળતર અંગેની માંગણી બાબતે આરટીઆઈ એકટની કલમ–૧૯ અને ૨૦ હેઠળ આ સત્તા રાજય માહિતી આયોગ ગુજરાત રાજય, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક કચેરી, સેકટર–૧૮ સચિવાલય ગાંધીનગરને હોઈ તે અંગે અત્રેથી કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ – ૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન),..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિનેશભાઈ ગોવિંદભાઈ ટાંક